

# નાઈજિરિયામાં ડેમ તૂટી પડતાં ભારે તબાહી

**ઝૂના** 80% પ્રાણીઓ મૃત્યુ પામ્યા, મગર અને સાપ વસ્તીમાં ઘૂસ્યા

અબુજા, નાઇજીરીયા (એપી)- ઉત્તરપૂર્વીય નાઇજીરિયામાં મંગળવારે એક ડેમ તૂટી પડ્યો હતો, જેના કારણે ભારે પૂર આવ્યું હતું અને પ્રાણીસંગ્રહાલયમાંથી જીવલેણ સરિસૃપ આ વિસ્તારના સમુદાયોમાં વહી ગયા હતા, એમ સ્થાનિક અધિકારીઓ અને પ્રાણીસંગ્રહાલયના મેનેજરે જણાવ્યું હતું. બોર્નો રાજ્યમાં 30 વર્ષ પહેલાં આ જ ડેમ તૂટી પડ્યો ત્યારથી રાજ્યમાં સૌથી ખરાબ પૂર આવ્યું હતું અને ઘણા રહેવાસીઓને તેમના ઘર છોડવું પડ્યું હતું. ઉત્તર નાઇજીરિયામાં આવેલા પૂરને કારણે સિંહો અને મગરોથી માંડીને ભેંસ અને શાહમૃગ સુધીના વિશાળ પ્રાણીસંગ્રહાલયમાં 80 ટકાથી વધુ પ્રાણીઓ મૃત્યુ પામ્યા છે. "મગરો અને સાપ જેવા કેટલાક જીવલેણ પ્રાણીઓ આપણા સમુદાયોમાં વહી ગયા છે", સાન્ડા ક્યારિમી પાર્ક પ્રાણીસંગ્રહાલયે ઉત્તરીય બોર્નો રાજ્યમાં પૂર અંગેના એક નિવેદનમાં ઉમેર્યું હતું અને રહેવાસીઓને સાવચેતી રાખવાની વિનંતી કરી હતી.

# અદાલતના ન્યાયાધીશોને ચૂંટવાની મંજૂરી આપનાર મેક્સિકો વિશ્વનો પ્રથમ દેશ

**સેંકડો** પ્રદર્શનકારીઓ મંગળવારે સંસદમાં ઘુસી ગયા હતા ત્યારબાદ આ મુદ્દે મતદાન કરાવાયું

**ટીકાકારોને** ડર છે કે આ સુધારાથી ન્યાયિક શાખાનું રાજનીતિકરણ થશે અને મેક્સિકોની લોકશાહી જોખમમાં મૂકાશે



મેક્સિકો સિટી, તા. 11 (એપી):

લોકપ્રિય મતના આધારે અદાલતના ન્યાયાધીશોને ચૂંટવાની મંજૂરી આપનાર મેક્સિકો વિશ્વનો પ્રથમ દેશ બન્યો છે. મેક્સિકન સેનેટે દેશમાં સામૂહિક વિરોધ વચ્ચે તેના વિવાદાસ્પદ ન્યાયિક સુધારાને મંજૂરી આપી હતી.

મેક્સિકોની સેનેટે બુધવારે વહેલી સવારે દેશના ન્યાયતંત્રમાં સુધારો કરવા માટે મતદાન કર્યું હતું, જે વિવાદાસ્પદ બંધારણીય સુધારા માટેના સૌથી મોટા અવરોધને હટાવે છે જે તમામ ન્યાયાધીશો માટે પદ પર આવવા ચૂંટણીમાં ઊભા રહેવું ફરજિયાત કરશે, એવો ફેરફાર કે જે ટીકાકારોને ડર છે કે ન્યાયિક શાખાનું રાજનીતિકરણ થશે અને મેક્સિકોની લોકશાહી જોખમમાં મૂકાશે.

સેંકડો પ્રદર્શનાકારીઓ મંગળવારે સંસદમાં ઘુસી ગયા હતા ત્યારબાદ આ અંગે મતદાન કરાવાયું હતું, સત્રમાં વિક્ષેપ પાડ્યા પછી એવું જણાયું કે વર્તમાન પ્રમુખ એન્ડ્રેસ મેન્યુઅલ લોપેઝ ઓબ્રાડોરની ગવર્નિંગ પાર્ટી, મોરેનાએ દરખાસ્ત પસાર કરવા માટે જરૂરી મતો ભેગા કર્યા હતા.

આ કાયદો છેલ્લા અઠવાડિયે નીચલા ગૃહમાંથી પસાર થયો હતો, જ્યાં મોરેના અને તેના સાથીઓ બહુમતી ધરાવે છે. સંસદે સૌથી મોટો અવરોધ ઊભો કર્યો અને બહુમતી માટે વિરોધ પક્ષમાં પક્ષપલટોની જરૂર પડી.

વિરોધ પક્ષ નેશનલ એક્શન પાર્ટીમાંથી (પીએએન) એક સાંસદ જે અગાઉ ન્યાયતંત્રમાં સુધારાના વિરોધમાં બોલ્યા હતા તેમણે તબીબી કારણોસર રજા લીધી હતી અને તેમના પિતા, જેઓ ભૂતપૂર્વ ગવર્નરે છે તેમણે જણાવ્યું હતું કે તેઓ દરખાસ્તને મત આપશે.

સંસદમાં ખરડા પર બે વાર મતદાન થયું, બંને વખત પક્ષમાં 86 જ્યારે વિપક્ષમાં 41 મત પડ્યા હતા, બીજી વખતના મતદાનનું પરિણામ સવારે 4 વાગ્યાની આસપાસ આવ્યું.

કાયદાને હવે મેક્સિકોના 32 રાજ્યોમાંથી 17 વિધાનભાઓ દ્વારા બહાલી આપવાની જરૂર છે. એવું માનવામાં આવે છે કે હાલની ચૂંટણીઓમાં ભારે વિજય બાદ શાસક પક્ષ પાસે જરૂરી સમર્થન છે. 'ન્યાયાધીશોની ચૂંટણી આપણા દેશમાં ન્યાયના વિતરણને મજબૂત બનાવશે.' ન્યાયિક કર્મચારીઓ અને કાયદાના વિદ્યાર્થીઓ દ્વારા કેટલાંક અઠવાડિયાઓથી કરાયેલા પ્રદર્શનો બાદ આ મંજૂરી આવી હતી.

ટીકાકારો અને નિરીક્ષકો કહે છે કે આ યોજના, જેના હેઠળ તમામ ન્યાયાધીશોની ચૂંટણી કરવામાં આવશે, તે ન્યાયિક સ્વતંત્રતાને જોખમમાં મૂકી શકે છે અને ન્યાયતંત્રને નબળું બનાવી શકે છે.

# મુંબઈના વેરહાઉસમાંથી જાણીતા ચિત્રકાર રઝાની રૂ. 2.5 કરોડની કિંમતનું પેઈન્ટિંગ ચોરી

મુંબઈ, તા. 11 (પીટીઆઈ) પ્રસિદ્ધ કલાકાર સૈયદ હૈદર રઝાની એક પેઈન્ટિંગ, જેની કિંમત રૂ. 2.5 કરોડથી વધુ છે, દક્ષિણ મુંબઈના એક વેરહાઉસમાંથી કથિત રીતે ચોરાઈ ગઈ છે. એમ પોલીસે બુધવારે જણાવ્યું હતું. એમઆરએ માર્ગ પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે, 1992માં પ્રખ્યાત ચિત્રકાર દ્વારા બનાવવામાં આવેલ પ્રકૃતિ નામની પેઈન્ટિંગ, અસ્તાગુરુ ઓક્શન હાઉસ પ્રાઈવેટ લિમિટેડના વેરહાઉસમાંથી ચોરાઈ ગઈ હતી.

પોલીસે સોમવારે આ સંબંધમાં અજાણ્યા લોકો વિરુદ્ધ એફઆઈઆર નોંધી છે. રઝા, જેઓ તેમની મોટા ભાગની કારકિર્દી માટે ફ્રાન્સમાં રહેતા અને કામ કરતા હતા, તેમનું 2016માં 94 વર્ષની વયે અવસાન થયું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે, તેની એક્રેલિક આર્ટવર્ક કોરોનાવાયરસ રોગચાળા દરમિયાન દક્ષિણ મુંબઈના બેલાર્ડ પિયર ખાતેના વેરહાઉસમાં રાખવામાં આવી હતી.

આ પેઈન્ટિંગ છેલ્લે માર્ચ 2022માં જોવા મળી હતી. એમ અધિકારીએ જણાવ્યું હતું. વેરહાઉસમાં પેઈન્ટિંગ ન મળ્યા પછી હરાજી ગૃહના મુખ્ય વહીવટી અધિકારી સિદ્ધાંત શેટ્ટીએ ફરિયાદ સાથે એમઆરએ માર્ગ પોલીસનો સંપર્ક કર્યો હતો.

અધિકારીએ ઉમેર્યું હતું કે, ''અમે પેઈન્ટિંગ પુનઃપ્રાપ્ત કરવા માટે એક ટીમ બનાવી છે. અમે સીસીટીવી ફૂટેજ દ્વારા ગુનેગારને ઓળખવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.''

## પેજ 3

# મલાઈકા અરોરાના સાવકા પિતાએ છઠ્ઠા માળેથી ઝંપલાવી આપઘાત કર્યો



મુંબઈ, 11 સપ્ટેમ્બરઃ અભિનેતા-મોડલ મલાઈકા અરોરાના સાવકા પિતા અનિલ મહેતાએ બુધવારે સવારે મુંબઈમાં એક ઈમારત પરથી કૂદીને કથિત રીતે આત્મહત્યા કરી લીધી હોવાનું એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. મહેતા (62) બાંદ્રાના અલ્મેડા પાર્ક વિસ્તારમાં "આયેશા મનોર" બિલ્ડિંગના છઠ્ઠા માળેથી સવારે 9 વાગ્યાની આસપાસ કૂદી પડ્યા હતા, તેમણે કહ્યું હતું કે, ઘટના સમયે મલાઈકા અરોરા પૂણેમાં હતી. બાંદ્રા પોલીસની એક ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને તેમને હોસ્પિટલમાં ખસેડ્યા હતા, જ્યાં તેમને પહોંચતા પહેલા મૃત જાહેર કરવામાં આવ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું. જીવનનો અંત લાવતા પહેલા મહેતાએ મલાઈકા અરોરા અને તેની બહેન અમૃતા અરોરાને ફોન કર્યો હતો અને કહ્યું હતું કે તેઓ બીમાર અને થાકી ગયા છે.

જ્યારે મહેતા કૂદી પડ્યા ત્યારે મલાઈકા અરોરાની માતા બિલ્ડિંગમાં તેના છઠ્ઠા માળના ફ્લેટમાં હતી, તેમણે ઉમેર્યું હતું કે આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

